**સ્પે. એટ્રોસીટી કેસ નં. ૦૪/૨૦૨૨.**

## આંક–૧૦૨ તથા આંક–૧૦૩ ની અરજી લગત સંયુકત હુકમ :–

**૧..** આ કામના આરોપીઓ તરફે તથા વિ. પબ્લીક પ્રોસીકયુશન તરફે રજુ અરજીઓ વંચાણે લીધી. તે સબબ આોપી નં. ૧ થી ૪, ૭ અને ૮ તથા સ્પે.(એટ્રો.) કેસ નં. ૨૭/૨૦૨૨ ના કામે આરોપી નં.૧ અને ૨ ના વિ.વ.શ્રી એમ.કયુ વોરાનાઓને સાંભળ્યા. સરકારપક્ષે વિ. સરકારી વ.શ્રી પી.બી.પંડયાને સાંભળ્યા.

**૨..** આરોપી પક્ષ તરફે આજરોજ રિશેષ પહેલા અંદાજે કલાક ૧૩.૦૦ વાગે મુદૃત અરજી રજુ રાખેલ છે. વિ. સરકારી વ.શ્રી ધ્વારા આજરોજ કલાક ૧૬.૨૦ ના સુમારે અરજી રજુ રાખેલ છે.

**૩..** સદર કામે તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ તપાસ એજન્સી ધ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે, ત્યારબાદ રોજકામની વિગતે યુ.ટી.પી. આરોપી સહિતના પક્ષકારો ધ્વારા એક યા બીજા કારણોસર મુદૃતની માંગણી કરતા રહેલ છે. આ દરમ્યાનમાં આ કામે પક્ષકારો ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલી ક્રિમી. અપીલ નં.૧૨૬/૨૦૨૪ ના કામે તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચે મુજબના અવલોકન સાથે સદર કેસને તાકીદે આગળ ચલાવવા આદેશ કરેલ છે.

''આ કામના આરોપીઓ પૈકી ઐયુબભાઈ બસીરભાઈ પટેલ વિ. ગુજરાત રાજય(ક્રિમીનલ અપીલ નં.૧૨૬/૨૦૨૪) ના કામે તા.૧૯/૦૪/૨૦૨૪ના રોજ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તેમના ચુકાદાના પેરા–૪ અને ૫ માં નીચે મુજબનું અવલોકન કરેલ છે.

**Para No. 4.**

Upon Inquiry, learned APP under instruction would submit that the charge has been framed and whereas, a copy of th instruction

received from, the In-charge Deputy Superintendent of Police, SCST Cell, Bharuch is tendered to this Court whereby the reasons for charge not having been framed are specified.

**Para No. 5.**

While the reasons, to this Court, does nt appear to be reasonable, more particularly since in a trial of such nature, the learned Special Court should have ensured that trial should start at the earliest, yet, without observing anythings on merits, appropriate directions for commencement of trial would, in the considered opinion of this Court, meet with the ends of justice. આ કામે આરોપી નં.૦૮ યુ.ટી.પી. છે. તે સંજોગોમાં પણ આ કેસને સત્વરે આગળ ચલાવવા પાત્ર થાય છે.

૪.. ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ થતાં અત્રેની અદાલત ધ્વારા સદર કામ સત્વરે આગળ ચલાવવા માટે પ્રયત્ન ચાલુ રાખતા નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આ કેસને આગળ ન ચલાવવા માટેનો કોઈ સ્ટે આપેલ નથી, બલ્કે સત્વે ચલાવી લેવા આદેશ કરેલ છે તેથી સદર કામ ચાર્જફ્રેમ કરવા માટે નિર્ધારિત કરવામાં આવેલ. ત્યારબાદ પહેલવહેલી વખત આંક–૭૯ થી આરોપીપક્ષ તરફે તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ અરજી રજુ રાખી તેઓને પોલીસ તપાસના તમામ દસ્તાવેજો મળેલ નથી અને અધુરા દસ્તાવેજો મળેલા હોય તે પુરા પાડવા માટે અરજી કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે આ દસ્તાવેજી પુરાવા તથા સી.ડી. ની કોપી, પેન ડ્રાઈવની કોપી વિગેરે પુરી પાડયા બાદ તેઓ ડીસ્ચાર્જની અરજી આપી શકે તેમ હોય તે બાબતે યોગ્ય હુકમ કરી આરોપીઓને નકલો પુરી પાડવા માટે દાદ માંગતી અરજી દાખલ કરેલ છે જે અનુસંધાને અત્રેની અદાલત ધ્વારા તા. ૨૬/૦૬/૨૦૨૪ ના રોજ નીચે મુજબનો હુકમ કરેલ છે.

*'' પ્રોસીકયુશનપક્ષ ધ્વારા છેલ્લી મુદ્દત તા. ૦૪/૦૬/૨૦૨૪ ના રોજ ડી.ઈ.લીસ્ટ રજુ રાખ્યા બાદ આરોપી પક્ષે આજરોજ અરજી રજુ રાખેલ છે. જે અરજી*

*આજરોજ ૪.૦૦(૧૬.૦૦) વાગે કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. વિ. પી.પી. રજુઆત મુજબ તેઓ રેકર્ડ જોઈ નકલ પુરી પાડવા તૈયાર છે. પરંતુ રેકર્ડ વેરીફાય કરવા અને જવાબ આપવા માંગતા હોવાનું જણાવતા હોય સદર અરજી જવાબ અને સુનાવણી માટે મુલત્વી રાખવામાં આવે છે.*

*તા.૨૬/૦૬/૨૦૨૪.''*

**પ..** ઉપરોકત હુકમ અનુસંધાને ત્યારબાદની મુદૃત તારીખે પક્ષકારોને રજુઆતની તક આપીને તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ નીચે મુજબનો હુકમ કરી આરોપીપક્ષની અરજી મંજુર કરવામાં આવેલ છે.

*''અરજી લગત પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રીએ અરજીમાં ઉલ્લેખેલ અને પુરા નહિ પાડેલ તમામ દસ્તાવેજી પુરાવા આપવા તૈયાર હોવાનું જણાવે છે. આમ, ચાર્જશીટ સાથે તપાસના બધાજ કાગળો આરોપીપક્ષને મળેલા ન હોવાનું જણાઈ આવતુ હોય અને તપાસ દરમ્યાનના તમામ પેપર્સ કે જેના પર પ્રોસીકયુશનપક્ષ આધાર રાખતો હોય કે ન રાખતો હોય તો પણ તેની નકલ આરોપીપક્ષને આપવા બંધાયેલા છે તે પ્રસ્થાપિત જોગવાઈ ધ્યાને લઈ અરજી મંજુર કરવામાં આવે છે.*

*અરજીમાં ઉલ્લેખેલ એવા તપાસના તમામ દસ્તાવેજો આરોપી પક્ષને આપવા આથી આદેશ કરવામાં આાવે છે તે રીતે હાલની અરજી મંજરુ કરવામાં આવે છે.*

*તા.૨/૦૭/૨૦૨૪.''*

**૬..** આમ છતાં આરોપી પક્ષ ધ્વારા તા. ૦૨/૦૭/૨૦૨૪ ના રોજ આંક-૮૦ થી મુદૃત અરજી રજુ રાખતા તે લગત અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબનો હુકમ કરેલ છે.

*''પ્રોસીકયુશન પક્ષ આજરોજ તપાસના કામેના કાગળો આરોપીપક્ષને ચાર્જશીટ સાથે આપેલ ન હતા તે આજરોજ પુરા પાડે છે. ત્યારે તે કાગળોને વાંચવાના હેતુથી આરોપીપક્ષ મુદતની માંગણી કરે છે. સદર કામ હાલ*

*ચાર્જની સુનાવણી ઉપર છે. નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અત્રેની અદાલતને સ્પષ્ટ આદેશ કરેલ છે કે કેસની કાર્યવાહી ઝડપથી આગળ વધારાવાની રહેશે તે હકિકત ધ્યાને લેવા સાથે ચાર્જની સુનાવણી દરમ્યાન આરોપીપક્ષને રજુઆતની પુરતી તક મળી રહે તે હેતું થી ન્યાયના હિતમાં મુદ્દત અરજી છેલ્લી વખત મંજુર કરવામાં આવે છે.*

*તા.૨/૭/૨૪.''*

**૭..** સદર હુકમથી નારાજ થઈ આરોપી પક્ષ ધ્વારા તે જ દિવસે તા.૦૨/૦૭/૨૦૨૪ના રોજ આંક–૮૧ થી રીવીઝન કરવા માંગતા હોય મુદ્દતની માંગણી કરતા નામ. કોર્ટ ધ્વારા તેજ દિવસે નીચે મુજબનો વિગતવારનો હુકમ કરી આરોપી પક્ષની અરજી નામંજુર કરેલ છે તે હુકમ નીચે મુજબ છે.

*''અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા.અગાઉ મુદ્દત અરજી રજુ છે. જે મંજુર થયેલ છે ત્યારે તેઓને અપીલ/રીવીજન કેવી રીતે maintanable છે તે આરોપી પક્ષે સ્પષ્ટતા કરેલ નથી.*

*અગાઉની મુદ્દત અરજીમાં નામ.કોર્ટ ધ્વારા સ્પષ્ટ નોંધવામાં આવેલ છે તેમ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ અપીલ નં.૧૨૬/૨૦૨૪ ના કામે તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ હુકમ કરી સ્પષ્ટપણે આદેશ કરેલ છે કે " it dose not appear that there is any legal embargo upon the Ld.Special Court from going further wit the trial, it is directed to Ld. Special Court to ensure that the trial commences at the earliest except there beimg any Legal embargo......"*

*આમ, અત્રેની અદાલતે સદર કેસ સત્વરે આગળ ચલાવી લેવાનો રહે છે. વધુમાં આરોપી તરફે નામ. ગુજરાત હાઈકોર્ટ માં discharge application કરેલ છે તે ગ્રાઉન્ડ ઉપર જ અગાઉ અત્રેની અદાલત ધ્વારા આરોપીઓની સંમતિથી અને વિનંતી ને કારણે જે તે વખતે મુદ્દત અરજીઓ મંજુર કરેલ હતી. પરંતુ નામ. ગુજરાત હાઈકોર્ટ*

*ધ્વારા ઉપરોકત હુકમમાં જ આ બાબતને વ્યાજબી કારણ ન હોવાનું ઠરાવી કેસ આગળ ચલાવવા આદેશ કરેલ છે. ત્યારે અત્રેની અદાલત નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત આદેશનું પાલન કરવા બંધાયેલી છે.*

*વધુમાં જયારે કોઈપણ અદાલત ધ્વારા આ કામ આગળ ચલાવવા માટે સ્ટે આપેલ નથી, આરોપીઓ પૈકી એક આરોપી યુ.ટી.પી. છે, નામ.ગુજરાત હાઈકોર્ટનું ઉપરોકત વિગતેનું ડાયરેકશન છે ત્યારે નામ.ગુજરાત હાઈકોર્ટમાં* **discharge application** *પેન્ડીંગ છે તે કારણોસર વધુ સમય આપી શકાય તેમ નથી.*

*જેથી હાલની અરજી ન્યાયના હિતમાં નામંજુર કરવામાં આવે છે.*

*તા. ૦૨/૦૭/૨૦૨૪.*

૮.. નામ. કોર્ટના હુકમ અન્વયે આરોપીપક્ષે નકલ પુરી પાડવા બાબત વિ. સરકારી વ.શ્રી ધ્વારા આંક–૮૩ થી નીચે મુજબની પુરસીસ તા. ૦૫/૦૭/૨૦૨૪ ના રજ રજુ રાખેલ છે.

*પુ ર સી સ.*

*''અમો ફરીયાદપક્ષ તરફે આ પુરસીસ આપીજાહેર કરીએ છીએ કે:–*

*(૧) સદર કામે આરોપી તરફે સી.આર.પી.સી.કલમ–૨૦૭ હેઠળ અરજી કરી જે દસ્તાવેજી પુરાવાનું પંચનામાની કોપી માંગેલી છે તે આજરોજ આરોપીઓને રજુ કરી આપી દઈએ છીએ તેમ જાહેર થાય.*

*(૨) વધુમાં જાહેર કરીએ છીએ કે, સી.આર.પી.સી. કલમ–૨૦૭ હેઠળ અરજીમાં ત્યારબાદ પેરા–૨ થી પે–૮ ના માંગેલ એફ.એસ.એલ. સબંધી તમામ પુરાવાઓ સીલબંધ હોવા સાથે નામદાર કોર્ટમાં મુદ્દામાલ સાથે રજુ થયેલા જે સીલબંધ હોવાથી ફરીયાદપક્ષ પાસે તેની કોપી નથી તેમ જાહેર કરીએ છીએ. આ તમામ પુરાવાની નકલ એફ.એસ.એલ.માંથી સીલબંધ મુદ્દામાલમાં રજુ થયેલ હોવાથી આરોપીઓ તરફે નામદાર કોર્ટના હુકમથી મેળવવાની થાય છે તેમ જાહેર થાય.*

*તા.૦૫/૦૭/૨૦૨૪*
*ભરૂચ.*

*સહી/–*
*(પી.બી. પંડયા)*
*સ્પે. પી.પી.*

*o*

*Recorded*
*5th Additional Sessions judge*
*Bahruch.*

તે દિવસે વિ. સરકારી વ.શ્રી ધ્વારા આંક–૮૪ થી મુદ્દત અરજી રજુ રાખતા નામ. કોર્ટે નીચે મુજબનો હુકમ કરેલ છે.

*o*

*Grandted*
*The parties are again instructed to proceed at the earliest in view of the direction of the Hon'ble Gujarat High Court.*

*Dt. 5.7.2024.* *5th Additional Sessions judge*
*Bahruch.*

૯.. ત્યારબાદની મુદ્દત તારીખ ૦૭/૦૯/૨૦૨૪ ના રોજ વિ. સરકારી વ.શ્રી ધ્વારા આંક–૮૭ થી રજુ રજુ રાખી તેઓના ધ્વારા અગાઉ નામ. કોર્ટના હુકમ અનુસંધાને એફ.એસ.એલ.માંથી આરોપીઓ માટેની સી.ડી. તથા પેનડ્રાઈવની નકલો મંગાવીને કોર્ટમાં રજુ રાખતા હોવાનું જણાવી તે નકલો આરોપીઓને પુરી પાડવા યોગ્ય હુકમ કરવાની અરજી રજુ રાખતા નામ. કોર્ટ ધ્વારા નીચે મુજબનો હુકમ કરેલ છે.

*'' અરજી લગત વિ. પબ્લીક પ્રોસીક્યુટરની સ્પષ્ટતા માંગવામાં આવેલ છે. કોર્ટમાં રજુ મુદ્દામાલમાં અરજીમાં જણાવે છે તેવી પેનડ્રાઈવ જમા થયેલાનું જણાઈ આવતુ નથી. વળી અરજદાર/આરોપી ધ્વારા માત્ર દસ્તાવેજની ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૨૦૭ નીચે માંગણી કરેલ છે જે અદાલતે મંજુર કરેલ છે. મુદ્દામાલની નકલ મળવા પાત્ર છે કે કેમ તે બાબતે પણ સ્પષ્ટતા માંગવામાં આવેલ છે. વિ. પબ્લીક પ્રોસીક્યુટરશ્રીની રજુઆત મુજબ તેઓ આ બાબતે આવતી કાલે ઈ.ચાર્જ આઈ.ઓ. હાજર રાખી જરૂરી સ્પષ્ટતા મેળવવા માંગે છે. જેથી અરજી સ્પષ્ટતા માટે મુલત્વી રાખવામાં આવે છે. ''*

*તા. ૦૯/૦૭/૨૦૨૪.*

**૧૦..** તે બાદ વિ. સરકારીવ.શ્રી દ્વારા આંક–૮૮ થી ત્યાર પછીની મુદૃત તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ એફ.એસ.એલ.માંથી આરોપીએ પેનડ્રાઈવની નકલ મેળવી નામ. કોર્ટમાં રજુ રાખતા નામ. કોર્ટ દ્વારા નીચે મુજબનો હુકમ કરેલ છે અને તેજ તા. ૧૯/૦૭૨૪ ના રોજ વિ. સરકારી વ.શ્રી દ્વારા આંક–૯૦ થી પુરસીસ રજુ રાખી જે તે દિવસે માત્ર બે પેન ડ્રાઈવ રજુ રાખી બાકીની નકલો હવે પછીની મુદૃત તારીખે રજુ કરવા જણાવતા સદર કામના મુદૃત તારીખ બીજા દિવસની એટલે કે તા.૨૦/૦૭/૨૦૨૪ ની નિર્ધારિત કરેલ છે. વિ. સરકારી વ.શ્રી દ્વારા મુદૃત તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ આંક–૯૩થી પુરસીસ રજુ રાખી આરોપીઓના એડવોકેટશ્રીઓ પૈકી બે વ.શ્રીઓને પેનડ્રાઈવ ની નકલ પુરી પાડયા બાદ આરોપીઓ દ્વારા આંક–૯૪ થી અરજી રજુ રાખી જણાવેલ છે કે તેઓને મળેલ પેનડ્રાઈવનો અભ્યાસ કરીને ડીસ્ચાર્જ એપ્લીકેશન રજુ રાખવા માંગતા હોય ૧૫ દિવસની મુદૃત આપવા વિનંતી કરેલ છે. જે અનુસંધાને અત્રેની અદાલત દ્વારા વિગતવારનો હુકમ કરી અરજી અંશત: મંજુર રાખેલ છે તે હુકમ નીચે મુજબ છે.

**આંક–૮૮ લગતનો હુકમ:**

*''પ્રોસીકયુશનપક્ષ દ્વારા આજરોજ મુદૃત તારીખે સાંજના ક. ૧૬.૫૫ વાગે હાલની પુરસીસ રજુ રાખેલ છે. અલગથી રજુ પુરસીછસ મુજબ માત્ર બે આોપીઓની બે પેનડ્રાઈવ તૈયાર કરી આવેલ છે. બાકીના આરોપીઓની નકલ તૈયારી કરી આવતી કાલ આપવા રજુઆત કરેલ છે. જે સંજોગોમાં પુરસીસ રેકર્ડ કરી મુદૃત તારીખ આવતી કાલની તા. ૨૦/૦૭/૨૦૨૪ ની નિર્ધારિત કરવામાં આવે છે. ''*

***તા.૧૯/૦૭/૨૦૨૪.***

**આંક–૯૪ લગતનો હુકમ :–**

***<u>તા.૨૦/૦૭/૨૦૨૪ના રોજ રજુ મુદૃત અરજી લગત સંધાણ :–</u>***

*(૧) અરજી વંચાણે લીધી. તે સબબ વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી તથા અન્ય સહઆરોપીઓના વિ.વ.શ્રીઓનો શેરો ધ્યાને લીધો.*

(૨) આરોપી નં.૧ થી ૪ તથા ૭ થી ૮ના વિ. વ.શ્રી કે જેમાં યુ.ટી.પી.નો પણ સમાવેશ થાય છે તેમના વિ.વ.શ્રી ધ્વારા હાલની અરજી રજુ રાખીને જણાવેલ છે કે, વિ. પબલીક પ્રોસીક્યુટરશ્રી ધ્વારા અગાઉની મુદૃતે જે પેનડ્રાઈવ આપેલ છે તે વાંચવા સમય જોઈએ છે. વિ. પી.પી.શ્રી ધ્વારા જે પેનડ્રાઈવ આરોપીપક્ષને આપેલ છે તે કરપ્ટ થઈ ગયેલ હોય તે જોઈ શકાયેલ નહી અને આજ રોજ નવી પેનડ્રાઈવ આપી રહેલ છે. જેથી તે વાં ચીને ડીસ્ચાર્જની અરજી આપવાની હોય સમયની આવશ્યકતા છે. આ ઉપરાંત આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, અગાઉ આરોપી પક્ષ ધ્વારા સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે દસ્તાવેજી પુરાવાની નકલ આરોપીને આપવા માટે આંક–૭૯ થી અરજી કરેલ હતી જે નામ. કોર્ટે મંજુર કરેલ છે પરંતુ તે મુજબની નકલો આરોપીપક્ષને મળેલ નથી. ચાર્જશીટ સાથેના પેપર્સમાં અને એફ.એસ.એલ.ના રીપોર્ટમાં પાંચ પેનડ્રાઈવનો ઉલ્લેખ છે જે પૈકી એક જ પેનડ્રાઈવ આરોપીપક્ષને મળેલ છે તે પણ કરપ્ટ થયેલી છે. દરેક આરોપી દીઠ પેનડ્રાઈ અને પુરાવા મળવા જોઈએ જેથી તે પુરા પાડેથી આરોપી પોતાનો બચાવ કરી શકે તેમ છે જેથી આજરોજ ચાર્જફ્રેમ ન કરતા મુદૃત આપવા અરજ ગુજારેલ છે.

(૩) સદર અરજી સામે સખ્ત વાંધો ઉઠાવતા વિ. પી.પી.શ્રી ધ્વારા રજુઆત કરેલ છે કે ,આરોપીપક્ષ ધ્વારા આંક–૭૯ થી જે દસ્તાવેજોની માંગણી કરેલ છે તે તમામ આરોપીપક્ષને પેનડ્રાઈવમાં આપેલ છે, હાલ કામ આરોપીઓના ઉપર ચાર્જફ્રેમ કરવા ઉપર છે તે તબકકે આરોપીઓ માંગે છે તેવા દસ્તાવેજની આવશ્યકતા રહેતી નથી. કેમ કે ચાર્જના તબકકે માત્ર પ્રોસીક્યુશન પક્ષના રેકર્ડને ધ્યાને લઈને નામ. કોર્ટે નિર્ણિત કરવાનું રહે છે કે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરવા જેટલો પુરતો પુરાવો છે કે કેમ? તે દલીલના સમર્થનમાં વિ.વપી.પી.શ્રી ધ્વારા **ઓરિસ્સા રાજય વિ. દેબેન્દ્રનાથ પાધી** (અ.આઈ.આર. ૨૦૦૫ સુ.કો. ૩૫૯) તથા **અજયકુમાર પરમાર વિ. રાજસ્થાન રાજય** (૨૦૧૨ એ.આઈ.આર. સુપ્રિમ કોર્ટ વીકલી પાન નં. ૫૪૯૨) ના ચુકાદા રજુ રાખેલ છે. વધુમાં વિ. પી.પી.શ્રીની રજુઆત છે કે આરોપીપક્ષે વિલંબ કરવાના હેતુથી અરજી

આપેલ છે. એફ.એસ.એલ.માંથી મળેલ તમામ ડેટા આરોપીઓને પુરા પાડવામાં આવેલ છે. આરોપીપક્ષ ધ્વારા પેનડ્રાઈવ કરપ્ટ છે, દસ્તાવેજો મળ્યા નથી, તેવી તકરાર ઉઠાવવાની પ્રોસીકયુશન પક્ષને પુરેપુરી આશંકા હતી તેથી જ આરોપીઓને પેનડ્રાઈવમાં જે નકલ આપેલ છે તેવી જ એક પેનડ્રાઈવ નામ. કોર્ટમાં પણ આરોપીપક્ષે રજુ રાખેલ છે. જે એફ.એસ.એલ. તરફથી પોસીકયુશન પક્ષના માટે પુરી પાડવામાં આવેલ પેનડ્રાઈવમાં થી જ નકલ કરીને આરોપીપક્ષને તથા નામ. કોર્ટને પુરી પાડેલ છે. વિ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે આરોપીઓ કવોસીંગમાં ગયેલ છે, જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ડે ટુ ડે સુનાવણી કરવામાં આવી રહેલ છે જેની હવે પછીની તા. ૦૫/૦૮/૨૦૨૪ ની પડેલ છે. જેમાં નામ. ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ આગળ ચાલતી નથી તેવુ બતાવવાના હેતુથી એક યા બીજા કારણોસર આરોપીપક્ષ કામગીરી લંબાવવા માટે પ્રયત્ન કરી રહેલ છે અને કોર્ટની કાર્યવાહીમાં વિલંબ કરવાના હેતુથી અરજી આપેલ છે. આ કામે તાત્કાલીક પણે ચાર્જફ્રેમ થવો જરૂરી છે જેથી આજરોજ ચાર્જફ્રેમ થવો જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૪) આરોપીના વિ.વ.શ્રી તરફે ફેર દલીલમાં જણાવેલ છે કે પ્રોસકયુશનપક્ષે જે જજમેન્ટ રજુ કરેલ છે તેનો ખુલાસો કરવા આરોપીપક્ષને સમય મળવો જોઈએ, જે જજમેન્ટ રજુ કર્યા છે તે ચાર્જફ્રેમ બાબતે છે, પરંતુ આરોપીની હાલની અરજી સી.આર.પી.સી. કલમ-૨૦૭ ની જોગવાઈઓનું પુરેપુરૂ પાલન થાય અને આરોપીને પોતાના બચાવની પુરતી તક મળી રહે તે માટે માંગેલ મુદ્દત અરજી છે. આરોપીઓ સામે કયા કયા આરોપ છે, આરોપીઓ સામે કયા કયા પુરાવા છે તે જાણવાનો આરોપીઓને અધિકાર છે. વિ. પી.પી.શ્રી જણાવે છે તેમ ચાર પ્રેનડ્રાઈવનો ડેટા એક જ પેનડ્રાઈવમાં આપેલ છે તેમ કહે છે તો પ્રોસીકયુશન પક્ષે માંગેલ છે તેતમામ માહિતી સદર પેનડ્રાઈવમાં આવી ગયેલ છે કે કેમ તે જોયા પછી જ જાણી શકાય તેમ છે અને તે સંજોગોમાં કરપ્ટ થયેલ પેનડ્રાઈવના બદલામાં આજરોજ પ્રોસીકયુશટ પક્ષ જે પેનડ્રાઈવ આપે છે તેનો અભ્યાસ કર્યા પછી જ જો કોઈ દસ્તાવેજ રહી જતા હોય તો તેની માંગણી આરોપીપક્ષ કરી શકે તેમ છે. વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે નામ. ગુજરાત હાઈકોર્ટમાં ડે ટુ ટે પ્રોસીડીંગ્સ ચાલતી હોવાની હકિકત ખરી નથી. હકિકતમાં આરોપીઓ ધ્વારા કવોસીંગ માટેની

*જે કાર્યવાહીઓ કરેલ છે તે કાર્યવાહીઓમાં હજુ નોટીસ કાઢવાનો હુકમ થયેલ છે, ધી ગુજરાત ફ્રીડમ ઓફ રીલીજીયન એકટની કલમ–૦૬ મુજબ પ્રોસીડીંગ ઈનેશીયેટ કરતા પહેલા તેમજ ચાર્જશીટ રજુ કરતા પહેલા સક્ષમ ઓથોરીટીનું સેન્કશન મળેલું હોવુ જરૂરી છે. આરોપીઓને ચાર્જશીટની જે નકલ પુરી પાડવામાં આવેલ છે તેમાં આવું સેન્કશન મળેલ હોવાનો કોઈ પુરાવો રજુ નથી. તેવી કોઈ પરવાનગી મળ્યાની કોઈ નકલ આરોપીપક્ષે પુરી પાડવામાં આવેલ નથી. આરોપીઓના અધિકારોનું હનન કરીને કેસની કાર્યવાહી ચલાવી શકાય નહીં. ધી ગુજરાત ફ્રીડમ ઓફ રીલીજીયના એકટ હેઠળનોઆ પ્રથમ કેસ દાખલ થયેલ છે જેથી કાર્યવાહી ચલાવવામાં ઉતાવળ થવી ન જોઈએ અને આરોપીઓને પુરતી તક મળે તે હેતુથી મુદ્દત અરજી મંજુર કરવી જોઈએ.*

*(૫) પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆતના સંદર્ભમાં આરોપીપક્ષને અત્રેની અદાલત ધ્વારા પુવામાં આવેલ છે કે આંક–૭૯ ની અરજી અન્વયે થયેલ હુકમ મુજબની કઈ નકલો આરોપીપક્ષને પુરી પાડવામાં આવેલ નથી તેની સ્પષ્ટતા કરવા જણાવતા આરોપી તરફે રજુઆત કરેલ છે કે પ્રોસીકયુશનપક્ષે જે પેનડ્રાઈવ પુરી પાડવામાં આવેલ છે તે જોયા બાદ જ આવી નકલ મળેલ છે કે કેમ તેની આરોપીપક્ષ ખાત્રી કરી શકે તેમ છે. દરેક આરોપીને વ્યકિતગત રીતે પેનડ્રાઈવ, સી.ડી તથા નકલો મળવી જોઈએ. વિ.વ.શ્રીની રજુઆત મુજબ આંક–૭૯ની અરજીમાં ઉલ્લેખેલ અનુક્રમ નં.૧ સિવાય આંક–૭૯ની અરજીમાં જણાવેલ અનુક્રમ નં.૧ થી ૮ પૈકીની કોઈપણ નકલ મળેલ નથી. આજરોજ પ્રોસીકયુશનપક્ષ કહે છે તેમ પાંચ પેનડ્રાઈવના ડેટા એક જ પેનડ્રાઈવમાં પુરા પાડવામાં આવેલ છે તો તેની ચકાસણી માટે આરોપીપક્ષને સમય આપવો જોઈએ. આરોપીપક્ષની આ રજુઆત ધ્યાને લેવા પાત્ર ઠરે છે અને આરોપીપક્ષને બચાવની પુરતી અને યોગ્ય તક મળવી ન્યાયના હિતમાં છે અને આરોપીનો તે કાયદાથી મળેલ અધિકાર છે.*

*(૬) વિ. પી.પી.શ્રી ધ્વારા **ઓરિસ્સા રાજય વિ. દેબેન્દ્રનાથ પાધી** (અ.આઈ.આર. ૨૦૦૫ સુ.કો. ૩૫૯) તથા **અજયકુમાર પરમાર વિ. રાજસ્થાન રાજય** (૨૦૧૨*

એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ વીકલી પાન નં. ૫૪૯૨) ના ચુકાદા રજુ રાખેલ છે. જે ચાર્જફ્રેમને લગતા છે પરંતુ અદાલતે આ તબક્કે સી.આર.પી.સી. કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન થયેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહે છે. તે સંજોગોમાં આ ચુકાદા આ તબક્કે ફરિયાદપક્ષને મદદરૂપ બનતા નથી.

(૭) આ કામના આરોપીઓ પૈકી ઐયુબભાઈ બસીરભાઈ પટેલ વિ. ગુજરાત રાજય(ક્રિમીનલ અપીલ નં.૧૨૬/૨૦૨૪) ના કામે તા.૧૯/૦૪/૨૦૨૪ના રોજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના ચુકાદાના પેરા–૪ અને ૫ માં નીચે મુજબનું અવલોકન કરેલ છે.

***<u>Para No. 4.</u>***

*Upon Inquiry, learned APP under instruction would submit that the charge has been framed and whereas, a copy of th instruction received from, the In-charge Deputy Superintendent of Police, SCST Cell, Bharuch is tendered to this Court whereby the reasons for charge not having been framed are specified.*

***<u>Para No. 5.</u>***

*While the reasons, to this Court, does nt appear to be reasonable, more particularly since in a trial of such nature, the learned Special Court should have ensured that trial should start at the earliest, yet, without observing anythings on merits, appropriate directions for commencement of trial would, in the considered opinion of this Court, meet with the ends of justice.*

(૮) આમ, નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા હાલના અરજકર્તા કે જેમાં યુ.ટી.પી. નો પણ સમાવેશ થાય છે તેમના દ્વારા જ અગાઉ આ કામે તેઓની નામ.ગુજરાત હાઈકોર્ટમાં એફ.આઈ.આર.કવોસીંગની પીટીશન ચાલતી હોય મુદ્દતની માંગણી કરવામાં આવેલ હતી અને તે સંજોગોમાં જે તે અરજી લગત અત્રેની સ્પેશીયલ કોર્ટ દ્વારા જે વિગતવારના કારણોસર મુદ્દત અરજી મંજુર કરવામાં આવેલ હતી તે કારણો યોગ્ય ન હોવાનું ઠરાવી આ

કેસનું ટ્રાયલ વહેલી તકે આગળ વધે તે સુંનિશ્ચિત કરવા માટે આદેશ કરેલ છે. આ સં જોગોમાં આ અદાલત નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત આદેશને અનુસરવા બંધાયેલી છે. તેથી આરોપીઓ દ્ઘારા હાલની મુદ્દત અરજીથી જે ૧૫ દિવસની મુદ્દતની માંગણી કરવામાં આવેલ છે તે ગ્રાહય રાખી શકાય તેમ નથી. પરંતુ આરોપીપક્ષને જે પેનડ્રાઈવ પુરી પાડવામાં આવેલ છે તેની ચકાસણી કરીને તેઓના માંગ્યા મુજબના દસ્તાવેજી પુરાવા વિગેરે સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે મળેલ છે કે કેમ તેની ખાત્રી કરવા માટે આરોપીપક્ષને પુરતો અને યોગ્ય સમય મળે તે કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ વ્યાજબી અને ન્યાયી જણાય છે. પરંતુ પેનડ્રાઈવમાંથી આવી ચકાસણી માટે આરોપી પક્ષને ૧૫ દિવસની આવશ્યકતા હોવાનું માની શકાય તેમ નથી અને તેથી હાલ પુરતો માત્ર ૦૭ દિવસનો સમય આપીને આરોપીપક્ષને પ્રોસીકયુશન પક્ષ તેમના કેસના માટે જે પુરાવા ઉપર આધાર રાખે છે તેની નકલ મળેલ છે કેમ તેની ખાત્રી કરી લેખિત રીપોર્ટ કરવા આદેશ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયીક અને યોગ્ય જણાય છે.

(૯) આ ઉપરાંત આરોપીપક્ષની રજુઆત મુજબ તેઓને તમામ કાગળો/પુરાવાની નકલ મળેથી તેઓ ડીસ્ચાર્જ માટેની અરજી આપવાનો અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પણ તેમના દ્ઘારા જયારે મુદ્દતની માંગણી કરવામાં આવેલ છે ત્યારે તેવી રજુઆતને ધ્યાને લઈને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

૧.. આરોપીપક્ષની હાલની મુદ્દત અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨.. આ કામની હવે પછીની મુદ્દત તારીખ ૨૬–૦૭–૨૦૨૪ ની નિર્ધારીત કરવામાં આવે છે અને હાલના અરજદાર/આરોપીઓને આથી આદેશ કરવામાં આવે છે કે આ સમયગાળા દરમ્યાન તેઓએ પ્રોસીકયુશન પક્ષ તરફથી પુરી પાડવામાં આવેલ પેનડ્રાઈવ સહિતના તમામ તપાસના કાગળોની નકલોની ચકાસણી કરી હવે પછીની મુદ્દત તારીખે તેઓને જે કોઈ દસ્તાવેજ સી.આર.પી.સી.કલમ–૨૦૭

*અન્વયે મળવાપાત્ર છે તે મળેલ છે કે કેમ  તેનો લેખિત રીપોર્ટ કરવો અને જો કોઈ દસ્તાવેજ કે નકલ આરોપીપક્ષને મળેલ ન હોય તો  તેની સ્પષ્ટતા સાથેની હકિકત લેખિતમાં અત્રેની અદાલતને કરવાની રહેશે. આવી સ્પટતા ન થયાના સંજોગોમાં આ અદાલતને માનવાને કારણ રહેશે કે આરોપીઓને તપાસના કાગળોની તમામ નકલો મળી ગયેલ છે અને તે સંજોગોમાં અત્રેની અદાલત ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવશે.*

*આ હુકમ આજ **તા. ૨૦ મી માહે : જુલાઈ સને ૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

**૧૧..** ત્યારબાદની મુદૃત તા. ૨૬/૦૭/૨૪ ના રોજ વિ. સરકારી વ.શ્રી દ્વારા આંક–૯૫ થી પુરસીસ સાથે આરોપીઓની વ્યકિત દીઠ પેનડ્રાઈવ તૈયારી કરી રજુ કરતા હોવાનું જણાવતા નામ. કોર્ટ દ્વારા નીચે મુજબનો  હુકમ કરેલ છે.

**આંક– ૯૫ લગત સંધાણ**

*''આજરોજ આરોપીઓ હાજર છે. વિ.પબ્લીક પ્રોસીક્યુટર શ્રી પી.બી.પડયાને બદલે શ્રી એન.એમ.મીસ્ત્રીનાઓ હાજર છે. આરોપીઓ તરફે વિ.વ.શ્રી. એમ.ક્યુ.વોરા તથા એન.એમ.મંન્સુરી તથા એસ.આઈ. ઘરીયા નાઓ હાજર છે.*

*સરકાર પક્ષે આજરોજ આરોપીઓને આપવાની પેનડ્રાઈવની નકલ રજુ રાખેલ છે. આ કામે અગાઉ આરોપી તરફે આંક ૯૪ થી મુદત અરજી રજુ રાખતા વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી દ્ધારા તે સામે સખત વાંધો ઉઠાવી આરોપ પક્ષ કામગીરી વિલંબીત કરતા હોવાની તકરાર ઉઠાવેલ છે. જે અરજી લગતના વિગતવારના હુકમ મુજબ આરોપીની મુદત અરજી મંજુર કરવામા આવેલ હતી. જે તે વખતે વિ. પબ્લીક પ્રોસીક્યુટર દ્ધારા કોર્ટને રજુઆત કરેલ હતી કે તેઓ તે દિવસે સાંજે અથવા તો વધુના બે દિવસની અંદર પેનડ્રાઈવની એક નકલતો સંબંધીત મુદત અરજી રજુ કરનાર વિ.વ.શ્રીને પુરી પાડી દેશે અને તે સંજોગોમા આ અદાલત આરોપીને આદેશ કરેલ હતો કે હવે પછીની મુદત તારીખ એટલે કે આજરોજ આરોપી પક્ષે અત્રેની અદાલતને લેખીતમા રીપોર્ટ કરવાનો રહે છે કે જેમા આરોપી પક્ષે*

*સ્પષ્ટતા કરવાની રહે છે કે તેઓને સીઆરપીસી કલમ ૨૦૭ મુજબ મળવા પાત્ર તમામ પેપર્સ મળી ગયેલ છે કે કેમ. આમ છતા ફરીયાદ પક્ષ દ્વારા આરોપી પક્ષને વિગત સમય દરમ્યાન પેનડ્રાઈવ પુરી પાડેલ નથી. અત્રેની અદાલત દ્વારા વારંવાર લેખીતમા અને મૌખીકમા નામદાર ગુજરાત હાઈકોર્ટના અવલોકન તરફ ધ્યાન દોરેલ છે સદર કેસને વહેલી તકે આગળ ચલાવવા પાત્ર રહે છે તેવુ ધ્યાન દોરવા છતા પક્ષકારો તરફે કામગીરીને વિલંબીત કરવામા આવી રહેલ હોવાનુ જણાઈ આવે છે. આથી ન્યાયના હિતમા નિચે મુજબનો હુકમ કરવામા આવે છે.*

***હુકમ***

*સરકારી વકીલશ્રી તરફે રજુ પુરસીસ રેકર્ડ પર રાખવાનો આથી હુકમ કરવામા આવે છે. સરકારી વકિલશ્રી તરફે આ પુરસીસ સાથે એફએસએલના સીલબંધ કવરમા આરોપીઓની નકલ તરીકે જે પેનડ્રાઈવ રજુ રાખેલ છે તે નામદાર કોર્ટ તરફથી આરોપીઓને પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે. વધુમા પક્ષકારોને તાકીદ કરવામા આવે છે કે કાયદાના પ્રોસીજરનો દુર ઉપયોગ કરીને કામગીરી વિલંબીત કરવાના સંજોગોમા અદાલત દ્વારા સખ્ત પગલા હાથ ધરવામા આવશે.*

*તા. ૨૬/૦૭/૨૦૨૪.''*

**૧૨..** ત્યારબાદ પણ આરોપીઓ તરફે આંક–૯૮ થી નામ. કોર્ટના હુકમ મુજબ સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વવયે આરોપીઓને મળવાપાત્ર નકલો મળેલ ન હોવાનું આરોપીઓ તરફે રજુઆત કરતા નામ. કોર્ટે નીચે મુજબનો હુકમ કરેલ છે.

*''પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. આોપીઓને આજરોજ પેનડ્રાઈવની નકલ સરકારશ્રી તરફે પુરી પાડવામાં આવતી હોય તેની ચકાસણી પછી આોપીઓએ તેઓને કોઈ નકલો નથી મળી તેની સ્પષ્ટતા ક્રમબધ્ધ રીતે કરવાની રહેશે. હાલની પુરસીસમાં જણાવેલ છે તે તેવી સંદીગ્ધ રજુઆત ન કરતા કઈ નકલ કે જે પ્રોસીકયુશન પક્ષે તપાસ દરમ્યાન કબ્જે કરેલ છે અને આરોપીપક્ષને નથી મળેલ તે સુવાચ્ય અક્ષરે હવે પછીની મુદ્દતે કરવાની રહેશે.''*

*તા.૨૬/૦૭/૨૦૨૪.''*

**૧૩..** ત્યારબાદ  આરોપી તરફે આંક–૯૯ થી પ્રથમ વખત કોર્ટ સમક્ષ જાહેરાત કરેલ છે કે તેઓને પ્રોસીકયુશન પક્ષે  તૈયાર કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટની નકલ મળેલ ન હોય તેની કોપી પુરી પાડવી જે અનુસંધાને અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબનો હુકમ કરેલ છે.

*''ફરિયાદપક્ષે દરેક આરોપી દીઠ/તમામ આરોપીઓને વ્યકિતગત રીતે તપાસના તમામ કાગળો તથા ડી.ઈ. લીસ્ટ બીનચુક પુરી પાડવી.''*
*તા. ૨૬/૦૭/૨૪.*

**૧૪..** ત્યારબાદ અત્રેની નામ. કોર્ટનો હુકમ હોવા છતાં સદર આદેશનો કોઈપણ પક્ષકારો ધ્વારા પાલન કરવામાં આવેલ નહીં અને પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી રજા ઉપર હોઈકોર્ટના હુકમની પૂર્તતા કરવા  પુરતો સમય મળેલ હોવા  છતાં  હુકમની પૂર્તતા કરવામાં આવેલ નહીં અને આજરોજ પણ પક્ષકારો તરફે ઉપરોકત વિગતે મુદૃત અરજી આપેલ છે.

આમ, ઉપરોકત વિગતે નામ. ગુજરાત હાઈકોર્ટનો આદેશ હોવા છતાં પક્ષકારો તરફે એક યા બીજા કારણોસર મુદૃતોની માંગણી કરવામાં આવી રહે છે અને કામગીરીને ઈરાદા પૂર્વક વિલંબીત કરતા હોવાનું માનવાને આ અદાલતને કારણ રહે છે.

અત્રેની અદાલત નામ. ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશનને અનુસરવા બંધાયેલછે અને તે અનુસંધાને સત્વરે  આગળ કાર્યવાહી ચલાવવા આવશ્યક જણાય છે.

**૧૫..** આમ છતાં આજદિન સુધી અત્રેની અદાલતનો સ્પષ્ટ આદેશ હોવા છતાં અને આરોપીપક્ષે સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે  મળવાપાત્ર નકલો મળી ન હોવાનું વિરૂધ્ધની રજુઆતની ગેરહાજરીમાં માનવાને કારણ રહે છે. જેથી  ન્યાયના હિતમાં  નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

અરજી મંજુર કરવામાં આવે છે. સાથે સાથે આરોપી નં. ૧ થી ૪, ૭ અને ૮ તથા સ્પે.(એટ્રો.) કેસ નં. ૨૭/૨૦૨૨ ના કામે આરોપી નં.૧ અને ૨ નાઓએ સોગંદ ઉપર જાહેર કરવાનુ રહેશે કે તેઓને સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વયે મળવાપાત્ર અને નામ. કોર્ટના હુકમ મુજબની કઈ નકલો મળેલ નથી, સાથે સાથે તપાસ કરનાર અમલદારે પણ હવે પછીની મુદૃત તારીખે સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને મળવાપાત્ર તમામ નકલો આરોપીઓને પુરી પાડવા માટેના સેટ સાથે નામ. કોર્ટમાં રજુ રાખી દીધેલ છે તે બાબતેનું સોગંદનામું કરવાનું રહેશે.

સદર હુકમ ગઈ કાલ તા. ૨૭ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૪ ના રોજ વિ. એ.પી.પી.શ્રી એન.એમ. મિસ્ત્રી કે જેમના મારફતે વિ. પી.પી.શ્રી પી.બી. પંડયા દ્વારા અરજી રજુ રાખેલ છે તેમની તથા આરોપીઓ તરફેના વિ.વ.શ્રી એમ.કયુ. વોરાનાઓની રૂબરૂમાં બોર્ડ ઉપર ડીકટેશન આપી જાહેર કરેલ છે અને પક્ષકારોની મુદૃત અરજી મંજુર કર્યાની જાણ કર્યા બાદ આજરોજ તા. ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ હુકમ ટાઈપ થઈને આવતા આ કેસના તમામ વિ.વ.શ્રીઓ તથા વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રીનાઓનો પોકાર કરી જાહેર કરેલ છે.

તારીખ : ૨૮.૦૮.૨૦૨૪.
સ્થળ : ભરૂચ

**(હેતલકુમાર વિનોદરાય જોશી )**
સ્પે.(એટ્રો.) જજ અને પાંચમા
એડીશ્નલ સેસન્સ જજ, ભરૂચ
યુનિક કોડ નં.GJ00599